## ફ્રીથી પ્રીમિયમ સુધી : ભારતમાં સંગીત સાંભળવાની આદતોમાં ડિજિટલ ક્રાંતિ આવી ગઈ છે

# પેઈડ મ્યુઝિક સ્ટ્રીમિંગનો ટ્રેન્ડ વધ્યો

એક સમય એવો હતો જ્યારે ભારતમાં મોટાભાગના સંગીતપ્રેમીઓ માટે યુટ્યુબ કે મફત મ્યુઝિક એપ્સ જ મનોરંજનનું મુખ્ય સાધન હતું. જાહેરાતો વચ્ચે ગીતો સાંભળવા, મર્યાદિત સ્કિપ્સ અને ઓફલાઇન ડાઉનલોડ જેવી સુવિધાઓના અભાવે પણ લોકો મફત સેવાઓથી સંતોષ માનતા હતા. પરંતુ હવે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. ડિજિટલ યુગમાં સંગીત માત્ર મનોરંજનનું માધ્યમ નહીં, પરંતુ ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે.તાજેતરના અંદાજ મુજબ, ભારતમાં પેઇડ મ્યુઝિક સ્ટ્રીમિંગ સબ્સ્ક્રાઇબર્સની સંખ્યા 37 ટકા વધીને લગભગ 1.4 કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. બદલાતી વપરાશકર્તા માનસિકતા, સસ્તા પ્લાન્સ, ડિજિટલ પેમેન્ટની સરળતા અને પ્રાદેશિક સંગીતની વધતી લોકપ્રિયતા આ વૃદ્ધિના મુખ્ય કારણો બની રહ્યા છે.

**1,40,00,000**
**સબ્સ્ક્રાઇબર્સની સંખ્યા ટૂંક જ સમયમાં પાર કરવાની સંભાવના**

**37%**
ના વૃદ્ધી દરથી વધારો

**નવા કલાકારોને પણ** ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા રાષ્ટ્રીય અને વૈશ્વિક ઓળખ મળી રહી છે. વૃદ્ધિનું મુખ્ય કારણ AI, પ્રાદેશિક કન્ટેન્ટ અને સસ્તા પ્લાન્સ છે.

### ટેલિકોમ કંપનીઓ બની રહી છે ગેમ ચેન્જર

ભારતમાં ડેટા ક્રાંતિ બાદ હવે ટેલિકોમ કંપનીઓ મ્યુઝિક સ્ટ્રીમિંગ માર્કેટને નવી દિશા આપી રહી છે. રિચાર્જ પ્લાન્સ સાથે Spotify, JioSaavn અથવા અન્ય મ્યુઝિક સેવાઓની સુવિધા મળવાથી પ્રીમિયમ મ્યુઝિકનો ખર્ચ સામાન્ય લોકો માટે પણ સરળ બન્યો છે.આ બંડલિંગ મોડલને કારણે યુઝર્સ માટે અલગથી સબ્સ્ક્રિપ્શન લેવાની જરૂરિયાત ઘટી રહી છે અને સંગીત કંપનીઓને નવા ગ્રાહકો મળી રહ્યા છે.

### મફતમાંથી પ્રીમિયમ તરફ વધી રહેલા શ્રોતાઓ

મ્યુઝિક સ્ટ્રીમિંગ કંપનીઓએ છેલ્લા કેટલાક વર્ષોમાં મફત સેવાઓમાં મર્યાદાઓ વધારી છે. અનલિમિટેડ સ્કિપિંગ, ઓફલાઇન ડાઉનલોડ, ઉચ્ચ ગુણવત્તાવાળા ઓડિયો અને પસંદગીના ગીતો સાંભળવાની સુવિધા હવે મોટાભાગે પેઇડ યુઝર્સ માટે ઉપલબ્ધ છે. પરિણામે લોકો ધીમે ધીમે પ્રીમિયમ સબ્સ્ક્રિપ્શન તરફ વળી રહ્યા છે.આજના યુવાનો માટે સંગીત માત્ર ગીતો સાંભળવાનું માધ્યમ નથી, પરંતુ જીવનશૈલીનો ભાગ બની ગયું છે.

"સંગીત હવે માત્ર સાંભળવાની વસ્તુ નથી, પરંતુ ડિજિટલ યુગમાં તે એક વ્યક્તિગત અનુભવ, જીવનશૈલી અને ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે."

### સંગીતનું નવું અર્થતંત્ર

ભારતમાં મ્યુઝિક સ્ટ્રીમિંગ હવે માત્ર ગીતો સાંભળવાનું પ્લેટફોર્મ નથી રહ્યું. તે કલાકારો, રેકોર્ડ લેબલ્સ, ટેક્નોલોજી કંપનીઓ અને કરોડો શ્રોતાઓને જોડતું વિશાળ ડિજિટલ અર્થતંત્ર બની ગયું છે.સસ્તા પ્લાન્સ, પ્રાદેશિક કન્ટેન્ટ અને AI આધારિત અનુભવના કારણે આગામી વર્ષોમાં પેઇડ મ્યુઝિક સ્ટ્રીમિંગ વધુ ઝડપથી વધશે અને ભારત વિશ્વના સૌથી મોટા ડિજિટલ સંગીત બજારોમાં સ્થાન મેળવશે.

## એડ-ફ્રી અનુભવ, પ્રાદેશિક ગીતો અને AI આધારિત પર્સનલાઇઝેશનથી ફરી તેજી પકડી રહ્યું છે ડિજિટલ સંગીત બજાર

### AI બદલશે સંગીત સાંભળવાનો અનુભવ

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે મ્યુઝિક સ્ટ્રીમિંગ ઇન્ડસ્ટ્રીમાં મોટો ફેરફાર લાવી રહ્યું છે. AI આધારિત અલ્ગોરિધમ્સ યુઝર્સની પસંદગી, સમય અને મૂડના આધારે ગીતો સૂચવે છે. "ડિસ્કવર વીકલી" અને "ડેઇલી મિક્સ" જેવી સુવિધાઓ વ્યક્તિગત અનુભવને વધુ સમૃદ્ધ બનાવી રહી છે.શોર્ટ વિડિયો પ્લેટફોર્મ્સ સાથેનું ઇન્ટિગ્રેશન પણ ગીતોને ઝડપથી લોકપ્રિય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

### પ્રાદેશિક સંગીત બની રહ્યું છે વૃદ્ધિનું એન્જિન

એક સમય હતો જ્યારે હિન્દી અને અંગ્રેજી ગીતોનું જ પ્રભુત્વ હતું, પરંતુ હવે ગુજરાતી, પંજાબી, તમિલ, તેલુગુ અને બંગાળી ગીતોની લોકપ્રિયતા સતત વધી રહી છે.ગુજરાતી ગીતો, ગરબા, ભજન અને લોકસંગીત માટે વધી રહેલી માંગને ધ્યાનમાં રાખીને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ હાયપર-લોકલ સ્ટ્રેટેજી અપનાવી રહ્યા છે.

### આવતીકાલનું સંગીત કેવું હશે?

- AI આધારિત પર્સનલાઇઝેશન વર્ચ્યુઅલ કલાકારો અને AI જનરેટેડ મ્યુઝિક
- શોર્ટ વિડિયો અને મ્યુઝિકનું સંકલન
- હાઈ-રેઝોલ્યુશન ઓડિયો
- વૈશ્વિક સ્તરે પ્રાદેશિક સંગીતની વધતી પહોંચ
- 2030 સુધી 5 થી 7.5 કરોડ પેઇડ સબ્સ્ક્રાઇબર્સની સંભાવના

**ભારતમાં સૌથી વધુ સાંભળાતી ભાષાઓ**
હિન્દી. પંજાબી, તમિલ, તેલુગુ, ગુજરાતી, મલયાલમ, બંગાળી



## સ્માર્ટફોન જનરેશન : આશીર્વાદ કે અભિશાપ?

# સ્કીન સાથે ઉગતી પેઢી માત્ર 9 વર્ષની ઉંમરે શરૂ થાય છે ડિજિટલ જીવન

**Gen Alpha**ના જીવનમાં મોબાઇલ બની ગયું છે દુનિયાનું સૌથી મોટું વિન્ડો અને જોખમ પણ

ભારતમાં Gen Alpha તરીકે ઓળખાતી નવી પેઢી – એટલે કે 2010 પછી જન્મેલા બાળકો – હવે સંપૂર્ણપણે ડિજિટલ દુનિયામાં ઉછરી રહી છે. સ્માર્ટફોન, સોશિયલ મીડિયા, ઓનલાઇન ગેમિંગ, વીડિયો સ્ટ્રીમિંગ અને મેસેજિંગ એપ્સ તેમના રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. એક સર્વે અનુસાર ભારતમાં 9 થી 16 વર્ષની ઉંમરના લગભગ 74 ટકા બાળકો પાસે પોતાનો સ્માર્ટફોન છે અને લગભગ 60 ટકા બાળકો પાસે વ્યક્તિગત કમ્પ્યુટર ઉપલબ્ધ છે. આજની પેઢી માટે ઈન્ટરનેટ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ અભ્યાસ, મિત્રતા, માહિતી અને ઓળખનો મુખ્ય આધાર બની ગયું છે.નિષ્ણાતો કહે છે કે બાળકો હવે લખવા કરતાં ટાઈપ કરવાનું વધુ પસંદ કરે છે. પુસ્તકો કરતાં ઓડિયો બુક અને વીડિયો કન્ટેન્ટ તરફ તેમનો ઝુકાવ વધી રહ્યો છે. સોશિયલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ્સ બાળકોમાં "હંમેશા ઓનલાઈન રહેવાની" માનસિકતા ઉભી કરી રહ્યા છે. જો થોડો સમય પણ તેઓ ઈન્ટરનેટથી દૂર રહે તો "Fear of Missing Out" એટલે કે કંઈક ચૂકી જવાની ચિંતા અનુભવાય છે.સ્માર્ટફોન હવે બાળકો માટે માત્ર ગેજેટ નથી, પરંતુ મિત્ર, મનોરંજન, અભ્યાસ અને સામાજિક જીવનનું કેન્દ્ર બની ગયું છે.વિશ્વના અનેક દેશો હવે બાળકો માટે સોશિયલ મીડિયા અને સ્માર્ટફોન વપરાશ અંગે કડક નીતિઓ તરફ આગળ વધી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાએ 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધ અંગે કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી છે. ફ્રાન્સ અને દક્ષિણ કોરિયા જેવા દેશોમાં પણ બાળકોના ડિજિટલ ઉપયોગને મર્યાદિત કરવા ચર્ચા ચાલી રહી છે. બ્રિટનમાં પણ બાળકો માટે સ્માર્ટફોન પ્રતિબંધ અને ઓનલાઈન સુરક્ષા અંગે ચર્ચા તેજ બની છે.ભારતમાં કર્ણાટક સરકારે પણ બાળકો માટે સોશિયલ મીડિયા અને મોબાઈલ ઉપયોગ મર્યાદિત કરવાની દિશામાં વિચારણા શરૂ કરી છે. સરકારનું માનવું છે કે આ પગલું બાળકોના માનસિક સ્વાસ્થ્ય, અભ્યાસ અને સામાજિક વિકાસ માટે જરૂરી બની રહ્યું છે. AI આધારિત પ્લેટફોર્મ્સ અને એલ્ગોરિધમ્સ બાળકોને લાંબા સમય સુધી સ્ક્રીન સાથે જોડાયેલા રાખવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. સતત નોટિફિકેશન્સ, રીલ્સ અને ગેમિંગ સિસ્ટમ્સ બાળકોમાં ડિજિટલ નિર્ભરતા વધારી રહી છે. નિષ્ણાતો માને છે કે ટેક્નોલોજીને સંપૂર્ણપણે રોકી શકાતી નથી, પરંતુ સંતુલિત ઉપયોગ, માતાપિતાની દેખરેખ અને ડિજિટલ શિસ્ત દ્વારા બાળકોને વધુ સુરક્ષિત ડિજિટલ ભવિષ્ય આપી શકાય છે.

**74%**
બાળકો પાસે પોતાનો સ્માર્ટફોન ઉપબલ્ધ છે

### માતા-પિતાની જાણ બહાર બાળકોની ઓનલાઇન પ્રવૃતિ

એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે 12 વર્ષની ઉંમર પહેલાં સ્માર્ટફોન મેળવતા બાળકોમાં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. સતત સ્ક્રીન સામે રહેવાને કારણે બાળકોની એકાગ્રતા, વર્તન અને સામાજિક કુશળતામાં પણ અસર પડી રહી છે. ભારતમાં મોટાભાગના માતાપિતા બાળકોની ઓનલાઇન પ્રવૃત્તિઓ પર નજર રાખવાનો દાવો કરે છે, છતાં અનેક બાળકો અનિયંત્રિત રીતે સોશિયલ મીડિયા અને ગેમિંગ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરી રહ્યા છે.

### ડિજિટલ લતથી માનસિક અસર સુધી : વિશ્વભરમાં વધતી ચિંતા

સ્માર્ટફોન અને સોશિયલ મીડિયા ઉપયોગના વધતા પ્રભાવને લઈને વિશ્વભરમાં ચિંતા વધી રહી છે. સંશોધનો મુજબ ઓછી ઉંમરે સ્માર્ટફોન વાપરતા બાળકોમાં ડિપ્રેશન, ચિંતા, ઊંઘની સમસ્યાઓ, એકલતા અને સ્થૂલતા જેવા જોખમો વધી રહ્યા છે. આ ચિંતાનો બીજો મહત્વનો પાસો સાયબર સુરક્ષા અને ઓનલાઈન શોષણ સાથે પણ જોડાયેલો છે. સોશિયલ મીડિયા પર સતત અન્ય લોકોના જીવન સાથે પોતાની સરખામણી કરવાથી બાળકોમાં આત્મવિશ્વાસમાં ઘટાડો, અસંતોષ અને માનસિક દબાણ પણ જોવા મળે છે. સાયબર બુલિંગ, ઓનલાઈન છેતરપિંડી અને અયોગ્ય સામગ્રીના સંપર્કમાં આવવાનું જોખમ વધે છે. નિષ્ણાતોના મતે, વધુ પડતો સ્ક્રીન ટાઈમ બાળકોની સર્જનાત્મકતા, શારીરિક પ્રવૃત્તિ અને પરિવાર સાથેના સંવાદને પણ અસર કરે છે. ઘણા બાળકો બહાર રમવા, પુસ્તકો વાંચવા અથવા સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા કરતાં મોબાઇલ અને ગેમિંગને વધુ સમય આપે છે. આરોગ્ય નિષ્ણાતો માતાપિતાને બાળકો માટે સ્ક્રીન ટાઈમની મર્યાદા નક્કી કરવા, ડિજિટલ પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને ટેક્નોલોજી સાથે સંતુલિત જીવનશૈલી અપનાવવા સલાહ આપે છે. આવી જાગૃતિ દ્વારા જ ડિજિટલ યુગના લાભો સાથે તેના જોખમોને નિયંત્રિત કરી શકાય છે.



# ગૂગલ સામે બ્રાન્ડ્સની જીત

## ડિજિટલ માર્કેટિંગ માટે નવી મુશ્કેલી?

**દિલ્હી હાઈકોર્ટના ચુકાદો : ટ્રેડમાર્કની પ્રતિષ્ઠા અને ઓળખનો ઉપયોગ કરીને કોઈ અન્ય વ્યાપારી લાભ મેળવી શકે નહીં. સર્ચ એડવર્ટાઈઝિંગની દુનિયામાં જગાવી આશા અને નૈતિકતાની ચર્ચા**

ડિજિટલ યુગમાં ગ્રાહક કોઈ પણ વસ્તુ ખરીદવા, સેવા શોધવા કે માહિતી મેળવવા માટે સૌપ્રથમ ગૂગલનો સહારો લે છે. તેથી ગૂગલ પર દેખાવું એટલે બજારમાં પોતાની હાજરી મજબૂત બનાવવી. વર્ષોથી કંપનીઓ પોતાના સ્પર્ધકોના બ્રાન્ડ નામોને કીવર્ડ તરીકે ખરીદી ગ્રાહકોને પોતાની વેબસાઈટ તરફ આકર્ષતી રહી છે. પરંતુ હવે દિલ્હી હાઈકોર્ટના એક મહત્વપૂર્ણ ચુકાદાએ આ સમગ્ર વ્યવસ્થાને સવાલોના ઘેરામાં મૂકી દીધી છે.હિંદવેર (Hindware)ના ટ્રેડમાર્કનો ઉપયોગ ગૂગલ એડ્સમાં કીવર્ડ તરીકે થવા દેવા બદલ ગૂગલ સામે આપવામાં આવેલા નિર્ણયને માત્ર એક કાનૂની વિવાદ તરીકે જોવો યોગ્ય નહીં ગણાય. આ ચુકાદો ડિજિટલ જાહેરાત, બૌદ્ધિક સંપત્તિ અધિકાર (Intellectual Property Rights) અને ઓનલાઈન સ્પર્ધાના ભવિષ્યને અસર કરી શકે તેવો મજબૂત સંકેત છે.આ ચુકાદો માત્ર હિંદવેર માટે નહીં, પરંતુ હજારો બ્રાન્ડ્સ માટે મહત્વપૂર્ણ છે. અત્યાર સુધી ગૂગલ પોતાને માત્ર એક ટેક્નોલોજી પ્લેટફોર્મ ગણાવતું હતું, જે જાહેરાતદાતાઓને જગ્યા ઉપલબ્ધ કરાવે છે.

### શા માટે આ ચુકાદો મહત્વપૂર્ણ છે?

આ ચુકાદો માત્ર હિંદવેર માટે નહીં, પરંતુ હજારો બ્રાન્ડ્સ માટે મહત્વપૂર્ણ છે. અત્યાર સુધી ગૂગલ પોતાને માત્ર એક ટેક્નોલોજી પ્લેટફોર્મ ગણાવતું હતું, જે જાહેરાતદાતાઓને જગ્યા ઉપલબ્ધ કરાવે છે. પરંતુ કોર્ટે સૂચવ્યું કે જો પ્લેટફોર્મ કોઈ ટ્રેડમાર્કના વ્યાપારી ઉપયોગમાંથી આવક મેળવે છે, તો તેની જવાબદારી પણ નક્કી થઈ શકે છે.આથી "પ્લેટફોર્મ ન્યુટ્રાલિટી"ની જગ્યાએ "પ્લેટફોર્મ એકાઉન્ટેબિલિટી"નો વિચાર મજબૂત બનતો જોવા મળી રહ્યો છે.

### બ્રાન્ડ્સ માટે આશાનું કિરણ

દેશની અનેક જાણીતી કંપનીઓ આ નિર્ણયને સકારાત્મક માને છે. વર્ષો સુધી પોતાની બ્રાન્ડ બનાવવા માટે કરોડો રૂપિયાનું રોકાણ કરનાર કંપનીઓને હવે કાનૂની રક્ષણ વધુ મજબૂત મળવાની શક્યતા છે.બ્રાન્ડ માલિકોનું માનવું છે કે જ્યારે ગ્રાહક કોઈ ચોક્કસ બ્રાન્ડનું નામ શોધે છે, ત્યારે તેને તે જ બ્રાન્ડની માહિતી મળવી જોઈએ, સ્પર્ધકોની જાહેરાત નહીં. આ ચુકાદો ગ્રાહકોને રક્ષણ આપી શકે છે.

### નૈતિકતાનો પણ મોટો પ્રશ્ન

આ સમગ્ર ચર્ચા માત્ર કાયદા સુધી મર્યાદિત નથી. પ્રશ્ન એ પણ છે કે શું કોઈ કંપનીએ પોતાના સ્પર્ધકની વર્ષોની મહેનત અને પ્રતિષ્ઠાનો લાભ લઈ ગ્રાહકો સુધી પહોંચવું જોઈએ?એક તરફ મુક્ત સ્પર્ધાનો સિદ્ધાંત છે, તો બીજી તરફ બ્રાન્ડના બૌદ્ધિક અધિકારોનું રક્ષણ. આ બંને વચ્ચે સંતુલન જાળવવું આગામી વર્ષોમાં ડિજિટલ અર્થતંત્ર માટે સૌથી મોટો પડકાર બની શકે છે. બીજી તરફ, ડિજિટલ માર્કેટિંગ ક્ષેત્રમાં કાર્યરત નિષ્ણાતો આ નિર્ણયને લઈને ચિંતિત છે.

### શું હતો આખો વિવાદ?

સર્ચ એન્જિન માર્કેટિંગમાં કંપનીઓ ગૂગલ પર એવા કીવર્ડ ખરીદે છે કે જે ગ્રાહકો સૌથી વધુ શોધતા હોય. જો કોઈ ગ્રાહક "Hindware" સર્ચ કરે અને તેની સામે સ્પર્ધક કંપનીની જાહેરાત દેખાય, તો ગ્રાહક તે જાહેરાત પર ક્લિક કરી શકે છે. પરંતુ હિંદવેરે દલીલ કરી કે તેમના ટ્રેડમાર્કનો ઉપયોગ મંજૂરી વિના વ્યાપારી હેતુ કરાયો. હાઈકોર્ટે આ દલીલને અંગે કહ્યું કે ટ્રેડમાર્કની પ્રતિષ્ઠા-ઓળખનો ઉપયોગ કરીને કોઈ અન્ય વ્યાપારી લાભ મેળવી શકે નહીં.



### ગૂગલ માટે શું બદલાશે?

ભારત ગૂગલ માટે ઝડપથી વિકસતું ડિજિટલ માર્કેટ છે. જો આ પ્રકારના ચુકાદાઓ અન્ય કેસોમાં પણ લાગુ પડશે, તો ગૂગલને પોતાની જાહેરાત નીતિઓ અને કીવર્ડ ઓક્શન સિસ્ટમમાં ફેરફાર કરવા પડી શકે છે.તે માટે ટ્રેડમાર્ક સંબંધિત ચકાસણી પ્રક્રિયા વધુ કડક બનાવવી, બ્રાન્ડ માલિકોને વધુ નિયંત્રણ આપવું અને જાહેરાતદાતાઓ માટે નવા નિયમો અમલમાં મૂકવા જેવા પગલાં લેવા પડી શકે છે.

# વડીલો માટે AI બની નવી "જીવનસાથી"

સંયુક્ત પરિવાર વ્યવસ્થાના સ્થાને ન્યુક્લિયર ફેમિલીનો વધારો, સંતાનોનું નોકરી કે વ્યવસાય માટે અન્ય શહેરો અને દેશોમાં સ્થળાંતર અને વધતી વડીલ વસ્તી વચ્ચે વડોદરામાં પણ હવે વૃદ્ધાવસ્થાનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. એક સમય હતો જ્યારે વડીલો માટે પરિવારજનો જ સૌથી મોટો સહારો હતા, પરંતુ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને સ્માર્ટ ટેક્નોલોજી તેમની નવી જીવનસાથી બની રહી છે.વડોદરાના અલકાપુરી, વાસણા રોડ, ગોત્રી, હરણી, સમા, મંજલપુર અને વાઘોડિયા રોડ જેવા વિસ્તારોમાં રહેતા અનેક સિનિયર સિટિઝન્સ હવે સ્માર્ટવોચ, વોઈસ આસિસ્ટન્ટ અને હેલ્થ મોનિટરિંગ ડિવાઈસનો ઉપયોગ કરીને વધુ આત્મનિર્ભર જીવન જીવી રહ્યા છે. વડીલો માટે ટેક્નોલોજી હવે માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ સલામતી, સ્વાસ્થ્ય અને સામાજિક જોડાણનું અસરકારક માધ્યમ બની રહી છે.

## સ્માર્ટવોચ, વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ અને સ્માર્ટ હોમ ટેક્નોલોજીથી વધતી આત્મનિર્ભર વૃદ્ધાવસ્થા



**વડોદરાનું આવતીકાલ :** સંસ્કારનગરી વડોદરા હંમેશાં નવી ટેક્નોલોજીને સ્વીકારવામાં આગળ રહ્યું છે. હવે જ્યારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યું છે, ત્યારે શહેરના વડીલો માટે પણ એક નવી ડિજિટલ દુનિયા તૈયાર થઈ રહી છે. જ્યાં ઉંમર વધે, પરંતુ આત્મનિર્ભરતા અને જીવન પ્રત્યેનો ઉત્સાહ જળવાઈ રહે છે.

### સ્માર્ટ હોમથી ઘરમાં વધતી સુરક્ષા

ગોત્રી અને સમા વિસ્તારના અનેક પરિવારો હવે સ્માર્ટ હોમ સિસ્ટમ અપનાવી રહ્યા છે. વોઈસ કમાન્ડથી લાઇટ, પંખા અને ટીવી નિયંત્રિત કરવા ઉપરાંત સ્માર્ટ સેન્સર્સ ગેસ લીકેજ અથવા પાણીના ઓવરફ્લો જેવી સમસ્યાઓ અંગે આગોતરો સંકેત આપે છે.વડીલોને વારંવાર ઊભા થવું ન પડે અને અકસ્માતની શક્યતા ઘટે તે માટે પણ આ ટેક્નોલોજી ઉપયોગી બની રહી છે.

### વડોદરામાં બદલાતું વૃદ્ધાવસ્થાનું ચિત્ર

- સંતાનો વિદેશ કે અન્ય શહેરોમાં સ્થાયી
- સિનિયર સિટિઝન્સ માટે વધતી ટેક્નોલોજીની જરૂરિયાત
- સ્વાસ્થ્ય અને સલામતી પ્રત્યે વધતી જાગૃતિ
- સ્માર્ટફોન અને વીડિયો કોલિંગનો વધતો ઉપયોગ
- સિનિયર સિટિઝન ક્લબ અને ડિજિટલ પ્રવૃત્તિઓમાં વધારો
- વિડિયો કોલિંગથી અંતર થઈ રહ્યું છે ઓછું
- ફેસટાઈમ, વોટ્સએપ વીડિયો કોલ અને ઝૂમ જેવા પ્લેટફોર્મ્સ
- વડોદરાના વડીલો માટે પરિવાર સાથે જોડાયેલા રહેવાનું સૌથી સરળ સાધન

### સ્માર્ટવોચ બની રહી છે 'ડિજિટલ કેરટેકર'

વૃદ્ધાવસ્થામાં અચાનક પડી જવું, બ્લડ પ્રેશર અથવા હૃદયના ધબકારામાં ફેરફાર જેવી પરિસ્થિતિ ગંભીર બની શકે છે. વડોદરાના અનેક પરિવારો હવે તેમના માતા-પિતા માટે એપલ વોચ, ગાર્મિન અને અન્ય સ્માર્ટ વેરેબલ ડિવાઇસ ખરીદી રહ્યા છે. આ ડિવાઇસમાં રહેલી ફોલ ડિટેક્શન અને ઇમરજન્સી એલર્ટ સુવિધા વડીલો માટે જીવનરક્ષક બની રહી છે.

### એકલતા સામે એઆઈનો સહારો

સિનિયર સિટિઝન્સના સંતાનો અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અથવા અન્ય શહેરોમાં સ્થાયી થયા છે. આવા સંજોગોમાં એકલતા અને સામાજિક અલગાવની સમસ્યા વધી રહી છે. એઆઈ આધારિત વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ્સ અને ડિજિટલ સાથીઓ વડીલોને દવા લેવાની યાદ અપાવે છે.